૩૦ / ૧૦,૫૨૫

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૮ જૂન, ૨૦૦૬)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રારંભ** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

### વિભાગ-૧ : ઘનશ્યામ ચરિત્ર - એકવીસમી આવૃત્તિ, મે ૨૦૦૪

**પ્રશ્ન.૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૫ ગુણ)
૧. આંબાની ચોકી કોણ કરતું હતું ? ૨૬
૨. ભક્તિમાતા ઘનશ્યામના કાન વીંધાવવા ક્યાં બેઠાં ? ૮
૩. ઘનશ્યામે વાંદરાને શું આપ્યું ? ૨૪
૪. કઈ ગાય બે વખત દૂધ આપતી ? ૧૩
૫. અયોધ્યાનો નવાબ જે ગામમાં જતો ત્યાં શું કરતો ? ૩૦

**પ્રશ્ન.૨. નીચેનાં અવતરણો કોણ, કોને કહે છે તે લખો.** (૧૦ ગુણ)
૧. ''કાલે સવારે બજારમાં વેચી ખૂબ પૈસા કમાઈશું.'' ૬૯
૨. ''મને તમારી વાત સાચી નથી લાગતી.'' ૫૩
૩. ''અમને ખબર નથી. અમે આજે સવારે નાહવા ગયા ત્યારે નદીકિનારે નહોતા.'' ૮૩
૪. ''તમે બંને નાના ભાઈઓ, મોટા રામપ્રતાપની આજ્ઞામાં રહેજો.'' ૭૯
૫. ''તમે આજે ઉદાસ કેમ જણાઓ છો ?'' ૭૩

**પ્રશ્ન.૩. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (૫ ગુણ)
૧. ઘનશ્યામે બધી જ રસોઈ એમ ને એમ છે તે ........................ ને બતાવ્યું. (માતા, ભાભી, પિતા) ૬૫
૨. ઘનશ્યામને તેડવાનું ભક્તિમાતાએ ........................ માસીને કહ્યું. (વસંતા, ચંદા, લક્ષ્મી) ૪૩
૩. વસંતાબાઈના પુત્રનું નામ ........................ હતું. (સુખનંદન, માણેકધર, બસ્તી) ૬૨
૪. ઘનશ્યામ રામઘાટ પર ........................ જોડે કુસ્તીના દાવ રમતા. (દિલ્લીસીંગ, ભીમસંગ, કેસરીસંગ) ૩૨
૫. ઘનશ્યામનો પગ ........................ ના ઝાડ પરથી લપસ્યો. (વડ, આંબલી, પીપળો) ૩૯

**પ્રશ્ન.૪. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી)** (૫ ગુણ)
૧. ગૌરી ગાયની શોધમાં (૬૬) ૨. રામચંદ્રરૂપે દર્શન (૫૯) ૩. રામપ્રતાપભાઈનો વિલાપ (૮૫)

**પ્રશ્ન.૫. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો ક્રમાંક પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં ફક્ત જવાબનો ક્રમાંક લખી જોડકાં બનાવો.** (૫ ગુણ)

| 'અ' | | 'બ' | |
|---|---|---|---|
| ૧. રાજા | ☐ | ૧. ''અમારો ઉદ્ધાર કરો.'' | ૪૫ |
| ૨. ભૂતો | ☐ | ૨. ''આપ ભગવાન છો. મારાં પાપ દૂર કરો.'' | ૩૨ |
| ૩. માછીમાર | ☐ | ૩. ''તમે ખેતર સાચવવા જજો.'' | ૨૧ |
| ૪. ધર્મદેવ | ☐ | ૪. ''આજ પછી મારી કોઈ ફરિયાદ નહિ આવે.'' | ૨૨ |
| ૫. ઘનશ્યામ | ☐ | ૫. ''હું કોઈ દિવસ હિંસા નહિ કરું.'' | ૮૧ |
| | | ૬. ઘનશ્યામને જનોઈ આપનાર | ૫૭ |
| | | ૭. નેપાળનો મલ્લ | ૩૨ |

**પ્રશ્ન.૬. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૪ ગુણ)
૧. તલાવડીનું નામ 'ખાંપા તલાવડી' પડી ગયું. ૩૯
૨. ભક્તિમાતાએ ઘનશ્યામના હાથમાંથી ચકલી લઈ લીધી. ૧૦

### વિભાગ-૨ : યોગીજી મહારાજ - ચૌદમી આવૃત્તિ, જાન્યુઆરી ૨૦૦૩

**પ્રશ્ન.૭. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૫ ગુણ)
૧. ૧૯૬૦ની સાલમાં પરદેશ પ્રવાસમાં યોગીજી મહારાજે ક્યાં ત્રણ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી ? ૪૪
૨. સારા સાધુનો સંગ એટલે શું ? ૧૩
૩. યોગીજી મહારાજ સૌ પ્રથમ કઈ સાલમાં આફ્રિકા અને એડનના પ્રવાસે ગયા ? ૪૪
૪. યોગીજી મહારાજે કઈ પ્રવૃત્તિને વેગ આપ્યો ? ૩૫
૫. ધ્યાનમગ્ન ઝીણાભાઈ લોકોને કોના જેવા લાગતા હતા ? ૨

**પ્રશ્ન.૮. નીચેનાં અવતરણો કોણ, કોને કહે છે તે લખો.** (૧૦ ગુણ)
૧. ''ચંદુને બાવડે ઝાલીને પછાડ્યો છે.'' ૪
૨. ''સાધુ બનીને મારે તો આપની અને ઠાકોરજીની સેવા જ કરવી છે.'' ૧૦
૩. ''સૌને નીતિ, ધર્મના સંસ્કાર આપ્યા તે ખરેખર પ્રશંસનીય વાત છે.'' ૪૫
૪. ''વેરને પ્રેમથી શમાવે તેવા શ્રીજીમહારાજના આદર્શ પરમહંસ જેવા છે.'' ૨૬
૫. ''શિક્ષાથી આપણી ભૂલ સુધરે.'' ૨૧

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૮ જૂન, ૨૦૦૬ પરીક્ષા : સત્સંગ પ્રારંભ માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. **૩૦**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-
પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-
પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐
પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- ☐☐☐☐
પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૯. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (૫ ગુણ)**

૧. યોગીજી મહારાજ કહેતા કે નિત્ય ........................ વચનામૃત અને સ્વામીની દસ વાતોનો પાઠ કરવો. (એક, બે, ત્રણ) ૪૮

૨. યોગીજી મહારાજને ........................ મંદિરના મહંત બનાવ્યા. (ગઢડા, સારંગપુર, ગોંડલ) ૩૨

૩. ઝીણાભાઈ રોજ સવારે ધ્યાન કરવા બેસતા એ જગ્યા ............ ના નામે ઓળખાય છે. (ત્રિવેણી સંગમ, શેત્રુંજી નદી, પાતળિયા ઝરા) ૨

૪. શાસ્ત્રીજી મહારાજે સૌથી પહેલું મંદિર ........................ માં બાંધ્યું. (ગઢડા, સારંગપુર, બોચાસણ) ૨૬

૫. મારે તો તમને ........................ ભણાવીને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવો છે. (બ્રહ્મવિદ્યા, સંસ્કૃત, યોગવિદ્યા) ૩૯

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી)(૫ ગુણ)**

૧. સર્પદંશ (૩૦) ૨. ઠાકોરજીની સેવા (૮) ૩. સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી (૫૦)

**પ્રશ્ન.૧૧. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (૪ ગુણ)**

૧. યોગીજી મહારાજને સારણગાંઠ થઈ આવી. ૩૩

૨. ગોંડલના રાજા અક્ષરદેરીનો પ્રતાપ જોઈ નવાઈ પામ્યા. ૩૧

## વિભાગ-૩ : કિશોર સત્સંગ પ્રારંભ - ચૌદમી આવૃત્તિ, જાન્યુઆરી ૨૦૦૩

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (૭ ગુણ)**

૧. મહારાજના અંગત સેવક કોણ અને કેવા હતા ? ૧૮

૨. ભજન કઈ રીતે કરવું ? ૨

૩. શ્રીજીમહારાજે સમાજ સુધારાનાં કયાં કાર્યો કર્યાં ? ૭

૪. શ્રીજીમહારાજ અને મુક્તાનંદ સ્વામીના ગુરુ કોણ હતા ? ૧૫

૫. વાલ્મીકિએ કયા ગ્રંથની રચના કરી ? ૨

૬. નાની ઉંમરે કોણે કોણે ભક્તિ કરી ? ૧

૭. ચલાળા મંદિરમાં કોણ શું લઈને આવ્યું ? ૩૨

**પ્રશ્ન.૧૩. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (૫ ગુણ)**

૧. શુદ્ધ હૃદયથી ભગવાનને આપવું એનું નામ પ્રાર્થના. ૪

૨. પૂજામાં આહ્વાન મંત્ર બોલ્યા પછી ધ્યાન કરવું. ૮

૩. ભૂમાનંદ સ્વામીને ચાર દિવસના ઉપવાસ થયા હતા. ૨૧

૪. શ્રીજીમહારાજે સુરાખાચરને ભાલની બીબડી પાસે મોકલ્યા. ૨૫

૫. ગંગામાના હાથના બનાવેલા લાડુ અને શાક મહારાજ વખાણતા. ૧૩

**પ્રશ્ન.૧૪. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (૫ ગુણ)**

૧. ........................ ધૂળમાંથી મંદિરો બનાવી તેમાં મૂર્તિ પધરાવતા. (ડુંગર ભગત, ઝીણા ભગત, શાંતિ ભગત) ૩૮

૨. શ્રીજીમહારાજે સામત પટેલના ........................ રૂપિયા રાખ્યા. (બે હજાર, ચાર હજાર, એક હજાર) ૨૧

૩. નાથ ભક્તે દીકરો ધામમાં ગયો ત્યારે ગામમાં ........................ વહેંચી. (સાકર, દ્રાક્ષ, ખારેક) ૪૫

૪. ગંગામાને શ્રીજીમહારાજ સાક્ષાત્ ભગવાન છે એવું .................. એ ઓળખાવ્યું. (આત્માનંદ સ્વામી, રામાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી) ૧૨

૫. સંવત ૧૮૪૧ની ........................ ને દિવસે મૂળજી શર્માનો જન્મ થયો. (રામ નવમી, વસંત પંચમી, શરદ પૂર્ણિમા) ૨૭

**પ્રશ્ન.૧૫. નીચેનાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (૧૦ ગુણ)**

૧. બેસો મેલ્યા ....... કેરીનો ઘોળી. ૨૨

૨. અક્ષરધામના ....... ભવભયહારી. ૪

૩. નિત્ય નિત્ય ........ સહિત તરશે. ૧૭

૪. શાસ્ત્ર સકળનો ....... ગુણાતીતાનંદ. ૪૯

૫. અમે સૌ શ્રીજીતણા ....... ગુણાતીત સ્વામી. શૌર્યગીત

**પ્રશ્ન.૧૬. નીચેનામાંથી કોઈપણ એક 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (દસેક લીટીમાં) (૫ ગુણ)**

૧. કરોડ કામ બગાડીને........ (૩૩) ૨. કોઈ ભગવાન સંભારે......... (૩૧)

**પ્રશ્ન.૧૭. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (૫ ગુણ)**

**વિષય :- પ્રાર્થના** ૪

(૧) નારદજીએ અજામિલના છોકરાનું નામ 'નારાયણ' પાડ્યું. (૨) શ્રીજીમહારાજે જોબનપગીને સત્સંગી બનાવ્યો. (૩) ભગવાન સહજાનંદ સ્વામી આપણા પિતા છે. (૪) તમારી મૂર્તિ હંમેશાં હૃદયમાં ધારીએ છીએ. (૫) વાલ્મીકિ ઋષિ પહેલાં લૂંટારા હતા. (૬) આપણા ગુરુ સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી છે. (૭) તમારો અભય હાથ અમારા મસ્તક ઉપર મૂકો. (૮) શુદ્ધ હૃદયથી ભગવાન પાસે માંગણી કરવી તેનું નામ પ્રાર્થના. (૯) આપણા ભગવાન સહજાનંદ સ્વામી છે. (૧૦) આપણને સારી બુદ્ધિ અને ગુણો ભગવાન આપે છે.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ જુલાઈ - ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

❊ ❊ ❊